**GJVD020207302023**

## <u>ઠ રા વ</u>

૧. આ કામ ફરીયાદીની ફરીયાદના આધારે ફરીયાદ પક્ષે તપાસ કરનાર અમલદાર તરફથી તપાસના અંતે હાલના તહોમતદાર વિરૂધ્ધ ઈ.પી.કોડની કલમ ૨૮૩ મુજબના ગુનાનું ચાર્જશીટ દાખલ કરી આક્ષેપ મુકવામાં આવેલ છે

૨. આજરોજ આરોપીને સમન્સની ધોરણસર બજવણી થતા હાજર થઈ આક –૦૫ થી કબુલાત તથા આક – ૦૬ થી પ્લી રેકર્ડ કરવામા આવતા, આરોપીએ આજરોજ પોતાની ગુના કબુલાતથી પોતાના પરનો ગુનો કબુલ કરતા હોઈ, હાલના આરોપીને પોલીસ તપાસના કાગળોની નકલો આપી. આરોપીએ પોતાની સ્વેચ્છીક ગુના કબુલાત આપી પોતે પોતાની પરનો ગુનો સ્વેચ્છાએ કબુલ કરે છે. વધુમાં આરોપી જણાવે છે કે, પોતાનો પ્રથમ ગુનો છે, ભુલથી ગુનો થયેલ છે, ગુના બદલ પસ્તાવો મહેસુસ કરે છે, ગરીબ માણસ છે અને હવે ફરીથી આવો ગુનો નહી કરે તેવુ જણાવી પોતાની પર રહેમ નજર રાખવા જણાવેલ છે.

૩. એ.પી.પી. શ્રી તથા આરોપીના વિ.વ.શ્રીને સાંભળ્યા, આરોપી સ્વેચ્છીક ગુના કબુલાતથી પોતાના પરનો ગુનો કબુલ કરતા હોઈ, આરોપીને તેના ગુના અંગેની સજાની સમજણ કરવામાં આવેલ છે. આ કામે આરોપી પોતે સ્વેચ્છીક ગુના કબુલાતથી પોતાના પરનો સ્વેચ્છાએ ગુનો કબુલ કરતા હોઈ આરોપીની સ્વેચ્છીક ગુના કબુલાત સાચી નહી માનવાને કોઈ કારણ નથી. આરોપીની સ્વેચ્છીક ગુના કબુલાત, આરોપીની ઉંમર, આર્થિક તથા શારીરીક પરિસ્થિતિ તથા આરોપી પર દયાની માં ગણીને ધ્યાનમાં રાખી, તથા આરોપી રાજય બહારનો વતની હોઈ જેથી આરોપીને આ ગુનામાં તકશીરવાન ઠરાવી ન્યાયના હિતમાં નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

-:: **<u>હુકમ</u>** ::-

ક્રિમીનલ પ્રોસિજર કોડની કલમ–૨૫૨ અન્વયે આરોપીને **ભારતીય દંડ સંહિતાની કલમ–૨૮૩** મુજબના ગુનામાં તકશીરવાન ઠરાવી **ભારતીય દંડ સંહિતાની કલમ ૨૮૩ ના ગુના સબબ રૂાં. ૧૦૦/– (અંકે રૂપીયા એક સો પુરા)** ના દંડની સજા, જો આરોપી દંડ ના ભરે તો વધુ દિન–૦૫ (પાંચ) ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ ૦૯ મી, માહે– સપ્ટેમ્બર, સને ૨૦૨૩ નાં રોજ નેશનલ લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મુકામ.વડોદરા
તા. ૦૯/૦૯/૨૦૨૩

( રાજેશકુમાર રમણલાલ મિસ્ત્રી )
૧૮માં એડીશ્નલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
વડોદરા,જી.વડોદરા
કોડ ન.જી.જે.૦૧૧૬૯